

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

અકારણ કાશ્મીરમાં એ શિંગડાં ભરાવે છે,
દિલાસો દઈ નાપાકને એ મિત્ર ઠરાવે છે,
ચરાવે છે ડ્રેગન, એ પાકિસ્તાનને પંપાળી ને -
ખાલી-પોલી ધમકીઓથી ચીન ડરાવે છે...

હાઈકુ

કાઢે છે ડોળા,
છે ચીની ચેનચાળા,
નવાઝ ભોળા...
(ચીનની ઓથે...)

ખાય ખોંખારા,
ને ખખડાવે ખાંડાં
ટ્રંપની ઢાલે
(આપણા નેતાશ્રી)

### ચિંતન

અંધસો દરપન વેદ-પુરાના, દરબી કહા મહારસ, જાના ।
જસ ખર ચંદન લાદૈ ભારા, પરિમલ બાસ ન જાને ગંવારા ॥

ઉપરોક્ત શ્લોક કબીર બીજકગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

આંધળાના હાથમાં આરસી આપવી નકામી છે. તેમાં તે પોતાનું અગર તો બીજાનું મોં જોઈ શકતો નથી. એ પ્રમાણે પાખંડી-અજ્ઞાની લોકો ભલે વેદ - પુરાણોનું અવ્યયન કરે તો પણ તેને હિંસા - અહિંસાનું, પાપ-પુણ્યનું કર્તવ્ય-અકર્તવ્યનું કે આત્મા સંબંધનું યથાર્થ જ્ઞાન મળતું નથી. એટલું જ નહિ તેઓ બીજાને પણ સન્માર્ગે દોરવી શકતાં નથી. જે પ્રમાણે દેવી જાત-જાતના ખાવાના પદાર્થોમાં ડૂબ્યા કરે છે, પણ તેના રસ સ્વાદને તે જાણતી નથી તેમજ એમાં કેવો સ્વાદ છે તે બીજા કોઈ ને જણાવી શકતી પણ નથી. ગધેડા ઉપર ચંદનનો ભારો લાધ્યો હોવા છતાં તે ચંદનની સુગંધ માણી શક્યો નથી, તે રીતે વિવેકહીન પાખંડી પુરુષ વેદ વગેરેનું અધ્યયન કરતો હોવા છતાં બ્રહ્માનંદરુપ મહારસનો આસ્વાદ લઈ શકતો નથી.

### સુવિચાર

- જેનો ઉદ્દેશ ઊંચો છે તેણે આરામપ્રિય જીંદગી અને સૌ કોઈને રાજી રાખવાની વૃત્તિથી દૂર રહેવું જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે હું કોઈ પણ કાર્યમાં રસપૂર્વક જોડાઉં છું, ત્યારે જગતની કોઈ પણ ચીજ મારી સમક્ષ રહેતી નથી. આ ચાવી ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરવાની છે - **બેન કિંગ્સલે**
- પ્રકૃતિ, સમય અને ધૈર્ય - આ ત્રણ શ્રેષ્ઠ અને મહાન ચિકિત્સક છે - **સંત રોબિન**
- જે પોતાનું કર્તવ્ય કરવાનું ચૂકે, તે એક મહાન લાભથી પોતાને જ વંચિત રાખે છે - **લાઓત્ઝુ**
- સર્વથી મહાન એ કલાકાર છે જે પોતાના જીવનને જ કલાનો વિષય બનાવે છે - **રોબર્ટ ડાઉની જુનિયર**
- અપવિત્ર કલ્પના પણ એટલી જ ખરાબ છે, જેટલું ખરાબ અપવિત્ર કાર્ય છે. સંયમિત ઈચ્છા જ સર્વોત્તમ પરિણામ હાંસલ કરે છે - **કર્મસૂત્ર**
- આજનું ઔષધ : નરણે કાંઠે અજમો અને ગોળ મિક્સ કરી ખાવાથી શીળસ મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

જમશેદજી તાતા મુંબઈના રસ્તા પર પગે ચાલતા નજીકની ઓફિસમાં જઈ રહ્યા હતા. કંઈક વિચારોમાં ખોવાયેલા હતા. એમાં એમની બાજુમાંથી પસાર થતા મજૂરને કમર ઉપર લોટનો વજનદાર થેલો હતો. અને એ થેલો જમશેદજીને અડી ગયો અને ગબડી પડ્યા. એમની પારસી પાઘડી જઈને પડી ગટરમાં. એમના બે નોટકર જે ત્યારે એમની સાથે હતા એમને મજૂરને ધોલધપાટ કરી કોથળો પછાડી દીધો અને ઝઘડો કરવા લાગ્યા. જમશેદજી તરત જ ઊભા થયા અને પોતાના બે માણસોને વાર્યા, પેલા મજૂરને ખભે પ્રેમથી હાથ મુક્યો અને કહ્યું, 'ભાઈ, હું વિચારોમાં હતો અને તારી સાથે અથડાઈ પડ્યો. એમાં તમારો કંઈ વાંક નથી. વજનને કારણે વાંકા ચાલવું પડે એમાં તમને હું કેમ દેખાયું? ખરેખર ધ્યાન મારે રાખવું જોઈએ.'

મજૂરની સાથે માણસોએ કરેલી બદતમીઝીના બદલામાં જમશેદજીએ તરત પાંચ રૂપિયા પેલા મજૂરને આપ્યા અને માફી માંગી લીધી.

# રાજયમાં આકાશી આફત

**તંત્રીસ્થાનેથી...**

સૌરાષ્ટ્ર પંથકમાં વરસાદે માઝા મૂકી છે. ક્યારેક ટીપું પાણી માટે તપસતા વિસ્તારોમાં જળપ્રલયની સ્થિતિ સરજાઈ છે. ચોટીલા પર રીત સરનું આભ ફાટ્યું છે તો વળી મોરબીમાં ફરી એક વાર દંતકથારૂપ મચ્છુ ગાંડીતૂર બની છે.વર્ષો પહેલાં આવા જ ભારે વરસાદને કારણે મચ્છુ ડેમ તૂટતાં જે હોનારત સરજાઈ હતી એનું પુનરાવર્તન ન થાય એ માટે તંત્ર સાબદું બની ગયું છે. મચ્છુ હોનારતને કારણે અને લોકોએ જીવ ગુમાવ્યો હતો અને ઐતિહાસિક મણિમંદિરથી લઈ મોરબીના સાંસ્કૃતિક અને આર્થિક માળખાને ક્યારેય ઓછા લોકોને ખબર હશે કે મોરબીના સિરામિક ઉદ્યોગને થયેલ નુકશાન પછીય એ તો ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠો થઈ ગયો, પરંતુ વિશ્વ વિખ્યાત જાદુગર કે.લાલની સાથે જ જેમનું નામ બોલાતું એવી બાજા દિગ્ગજ જાદુગર હાકાસાનો સામન અને તંબૂરો એ હોનારતમાં તણાઈ ગયા તે પછી એ કલાકાર ક્યારેય એના મૂળ રંગમાં ન આવી શક્યો. મોરબીની હોનારતે મુખ્યમંત્રીમાં જે લોકધર્મી સમર્પણભાવના હતી એનું પણ સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ મોરબીમાં જ ધામા નાખીને રહ્યાં અને ત્યાં બેઠાં બેઠાં એમને દુખિયારાં લોકનાં આંસુ લૂંછતાં લૂછતાં સરકાર ચલાવેલી - એ આપણી લોકશાહીની એક યાદગાર ઘટના છે. કુદરતની કૃપા ક્યારે કાળા કેરમાં ફેરવાઈ જશે તે કલ્પવું મુશ્કેલ છે. પરંતુ કાળા માથાનો માનવી આવા પડકારો સામે ઢાલ તરીકે નવા નુસખા શોધી કાઢવા ટેવાયેલો છે. એ રીતે જ તકલીફ ત્યારે બાબુભાઈ જશભાઈને પડી હતી તે વર્તમાન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને નડે એમ નથી. ટેકનોલોજી વહારે ધાઈ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટની નવી ટેકનિકો હાથવગી છે અને એ દિશામાં સફળતાપૂર્વક કામગીરી કરવાનું કૌવત અને આવડત આપણા ગુજરાતી તંત્રવાહકોને હાથવગી છે. આથી આવી હોનારત થાય જ નહીં એનું આગોતરું આયોજન થઈ શક્યું છે. વળી આવા જલપ્રલય વખતે વિખૂટા પડી ગયેલા વિસ્તારોમાં જરૂરી જીવનજરૂરિયાતનો સામાન પહોંચાડવા અને આફતમાં ફસાયેલા લોકોને બચાવી લેવામાં સેના અને એનડીઆરએફ સહિતનાં એકમો ખડે પગે તૈયાર હોય છે. ઉત્તરાખંડની આવી આફતની સરખામણીમાં સૌરાષ્ટ્રની આફત ઘણી નાની કહેવાય, છતાં જરૂર પડયે એવી મોટી જળ હોનારતને પણ પહોંચી વળવાની ક્ષમતા તંત્ર વિકસાવી શક્યું છે, જેની આપણે નોંધ લેવી જ રહી. સૌથી મોટો પડકાર તો આ અનરાધાર વરસાદ પછી ફાટી નીકળતા રોગચાળાને નાથવાનો આવી પડ્યો છે. જયાં જયાં પાણી ભરાયાં હશે ત્યાં મચ્છર થવાના. દૂષિત પાણી પીવાના પાણી સાથે ભળી જતાં કૉલેરો જેવા જીવલેણ રોગો ઉપાડો લઈ શકે છે. મેલેરિયા, કૉલેરા, ટાઈફોઈડ અને ઝાડા ઊલટી જેવી બિમારીઓ સામે ઝઝૂમવા માટે પણ સરકારી આરોગ્યતંત્રને સાવચેત રહેવું પડશે. જો કે ડેમો છલકાઈ જાય એટલો વરસાદ પડે તે બાબત એક રીતે તો અભિશાપમાં છુપાયેલા વરદાન સમાન જ ગણાય. એથી ચોમાસું પાક કદાચ નિષ્ફળ જશે પણ શિયાળું ફસલથી બધા જ નુકશાનની ભરપાઈ થઈ જશે તે નક્કી છે. એક હાથે લઈ લેનાર કુદરતી બીજા હાથે એથી પણ સવાયું આપે જ છે, એનો અનુભવ માણસને આવી હોનારતોમાં થતો હોય છે.

# ૧૯૭૪ની રાઈટ ટુ પ્રાયવસી એકટ કલમ ૨૧ મુજબ અંગત વાતો ખાનગી રાખવાનો નાગરિકોનો અધિકાર



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ભારતમાં ડિઝીટલ ક્રાંતિ આવ્યા પછી કોઈની કંઈ પણ વાત સેકન્ડમાં જાહેર થઈ શકે છે. વોડસઅપ, ફેસબુક અને સોશ્યલ મીડિયાએ તમામ એબ ઉઘાડી પાડી જેનાથી કોઈપણ વ્યક્તિની વાત ખાનગી રહિ નથી એક તરફ ઈન્ડીયન પ્રાઈવેસી એકટ ૧૯૭૪ ની કલમ ૨૧ મુજબ દરેક વ્યક્તિનો પોતાની અંગત વાત ખાનગી રાખવાનો અબાધીત અધિકાર બક્ષે છે. જયારે ભારતના ડિઝીટલ યુગમાં કોઈપણ વ્યક્તિની ખાનગી બાબતો દા.ત. બેન્ક એકાઉન્ટની વિગતો, મીલ્કતની વિગતો, ખાતાના ટ્રાન્ઝેકશનો અંગત વ્યવહારો આધાર કાર્ડ સાથે લીંક કરવાથી સરકાર ગમે તે વ્યક્તિનો ડેટા તપાસી શકે છે, ચેક કરી શકે ખોટા વ્યવહારો ઉપર લગામ લગાવી શકે છે આધાર કાર્ડને મોબાઈલ ડેટા સાથે તથા ઈન્કમટેક્ષ રીર્ટન સાથે જોડવાથી વ્યક્તિની ખાનગી બાબતો જાહેર થતા તેનો પ્રાઈવેસીનો અધિકાર એક રીતે ભંગ સમાન છે. જયારે સાંપ્રત યુગમાં કેશલેસ ટ્રાન્ઝેકશનો તથા ડિઝીટલ લાઈઝેશનના કારણે ખાતામાં આધાર કાર્ડ જોડવા અનિવાર્ય જ નહિ ફરજીયાત બને છે.

સરકારી સેવાઓ મેળવવા માટે સબસીડીઓ મેળવવા માટે, આર્થિક સહાય સીધી પોતાના બેન્ક ખાતામાં જમા કરાવવા માટે બેન્ક ખાતાને આધાર કાર્ડ સાથે લીંકઅપ કરવું ફરજીયાત ઠરાવ્યું છે તેવા સંજોગોમાં મોબાઈલના ડેટાને આધાર કાર્ડ સાથે સરખાવવા જતા વિદ્યુત ગાંધીએ ફિંગરપ્રિન્ટ આપવાની ના પાડતા સમગ્ર મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો છે. ભારતના કરોડો લોકો વિદ્યુતભાઈની વાત સાથે સહમંત હશે પરંતુ સરકારી કાયદાના ભંગ સમાન નિયમ બદલવા માટે વિચારતા કર્યા.

૧૯૭૪ માં અમેરીકા, ૨૦૦૩ માં જાપાનમાં રાઈટ ટુ પ્રાઈવેસી એકટ અમલમાં આવ્યો રાઈટ ટુ પ્રાઈવેસી એ રાઈટ ટુ લાઈફનો એક ભાગ સુપ્રિમ કોર્ટે ગણેલ છે જો પ્રાઈવેસી ભંગના કારણે નુકશાન થાય તો સરકાર સામે વળતર મળે કે કેમ? આવા પ્રશ્નો ઉપસ્થિત થવા સ્વાભાવિક છે.

સરકાર આપણી માહિતી કેટલી હદે લીંક કરી શકે વ્યક્તિને પોતાની વાતો અંગત વાતો ખાનગી રાખવાનો અબાધીત અધિકાર ૧૯૭૪ ના રાઈટ ટુ પ્રાયવસી એકટની કલમ ૨૧ થી આપો આપ જ મળી જાય છે જેમાં સુપ્રિમ કોર્ટમાં હવે ફેરવિચારણા થશે અને આ કલમમાં નવો સુધારો લોકસભામાં ખરડો પસાર કરીને જ શકય બનશે.

ભારતમાં ૨૦૧૫ માં આધાર કાર્ડની ચુસ્ત અમલવારી શરૂ કરવામાં આવી હજુ ઘણા લોકો આધાર કાર્ડને ઈન્કમ ટેક્ષ તથા મોબાઈલ ટેડા સાથે લીંકઅપ કરવામાં બીક અનુભવે છે કે તેમની ખાનગી વિગતો સરકાર બહાર પાડશે સરકારી રાહત યોજનાઓ અને નાગરિકના ટેક્ષની ચુકવણી આધાર કાર્ડના નંબરના આધારે કરવાની રહેતા સરકાર દ્વારા સંગ્રહ કરવામાં આવ્યો હોય તેવો તમામ રેકર્ડ કયાંકને કયાંક લીંક થવાની પૂરેપૂરી સંભાવના છે જેનો અન્ય એજન્સીઓ દ્વારા તેમજ પ્રાઈવેટ કંપનીની માર્કેટીંગ પોલીસી દ્વારા દૂર ઉપયોગ થવાની પૂરેપૂરી સંભાવનાઓ નકારી શકાય તેમ નથી સરકાર આવી બાબતો પૂરેપૂરી ગુપ્તતા જાળવી પણ ના શકે તે સ્વાભાવિક છે.

ભારતમાં નાગરિકના ડેટા જાળવવાના કોઈપણ જાતના નવા કાયદા કાનૂન કે નિયમ અમલમાં મુક્યા સીવાય સરકારે આધાર કાર્ડને ફરજીયાત લીંકઅપ કરવાનું સૂચન કરી દિધું છે જેનો ભોગ આમ જનતાને બનવું પડશે.

ભારત સરકાર જેમ જેમ ડિઝીટલ કાર્યવાહી તરફ આગળ વધતી જાય છે તેમ ડેટા લીંક થવાની બીક સ્વાભાવિક રહે નાગરિકોની માહિતીનું સરક્ષણ કરવાની જવાબદારી સરકારના શિરે છે પરંતુ એકવાર ડેટા ચોરી થયા પછી તેનો કયા કયા દૂર ઉપયોગ થશે તે કહેવું તથા રોકવું સરકાર માટે અશકય જ નહિ અસંભવ બાબત છે નાગરિકોએ પોતાનો ડેટા ચોરીના થાય તે માટે શું પગલા ભરવા તે માટે પણ અજાણ છે. સરકારનું કોઈ જ ડિપાર્ટમેન્ટ આ માટે કાર્યક્ષમ છે ખરૂં સાયબર ક્રાઈમ દિનપ્રતિદિન વધતો જાય છે નાગરિકો ઉપર તો હાલમાં બે પ્રકારનું આક્રમણ છે એક સરકાર તરફે અને બીજું ખાનગી કંપનીઓનું આમા આમ આદમી કાયદા કાનૂનની સમજણ વગર પીસાતો રહ્યો છે.

સરકાર કોઈપણ વ્યક્તિની અંગત માહિતી મેળવે તો તેના રક્ષણની જવાબદારી પણ રાઈટ ટુ પ્રાઈવેસી એકટ ૧૯૭૪ ની કલમ ૨૧ મુજબ સરકારની જ બને છે પરંતુ આ બાબતે સરકાર પક્ષે જાળવણી અને સલામતીની ખાતરી સુપ્રિમ કોર્ટમાં આપી નિતિ નિયમો તથા નવા

અનુસંધાન પાના નં. ૭ પર

# હાસ્યને નવી જ ઊંચાઈ બક્ષનાર ચાર્લી ચેપ્લિન મુઠ્ઠી ઉંચેરા માનવી

'હું વિરાટ વિદૂષક!
અમે જેને હસી કાઢ્યું
તે હાસ્ય તમે ગૌરવ દીધું.
તમારા હાવભાવના મૂંગા સ્પર્શે
હાસ્ય વાણીની દીવાલો ટપી
રાંકનું સાંત્વન બન્યું.'

-વાડીલાલ ડગલી (ચાર્લી ચેપ્લિન વિષે)



આજના આ તનાવભર્યા માહોલમાં શુદ્ધ અને નિર્દોષ 'હાસ્ય' સાવ લુપ્ત થઈ ગયેલું જણાય છે. અને હાસ્યને પાછું મેળવવા અને તનાવમુક્ત બનવા 'સ્ટેન્ડ અપ કોમેડી' અને 'સ્ટેન્ડઅપ કોમેડીયન' નો એક આખો નવો વ્યવસાય મોટા પાયે પાંગર્યો છે. કપિલ શર્મા કોમેડીના માધ્યમ દ્વારા સફળતા, સિદ્ધિ અને સમૃદ્ધિના ઉચ્ચ શિખરો હાંસલ કરી ચૂક્યા છે. આ ઉપરાંત યંગ જનરેશનમાં પણ પોતાની વાત ખૂબ બિન્દાસ થઈને કહેતા અને ઘણીવાર સાવ તોછડાઈભર્યા લાગે તે પ્રકારના સ્ટેન્ડઅપ કમેડિયન્સ ઠેર-ઠેર જોવા મળે છે. સોશિયલ મીડિયા પર તો જાણે ધૂમ મચી છે આ પ્રકારના લોકોની. તેમાં ગુણવત્તાનો કોઈ માપદંડ હોતો નથી અને લોકોને હસાવવા માટે સહજતાથી ગાળો પણ બોલવામાં આવે છે. કપિલ શર્મા પણ સફળતા પ્રાપ્ત થયા બાદ ગમે તેને અપમાનિત કરવામાં અચકાતા નથી તે પ્રકારની વાતો આપણે સૌએ વાંચી કે સાંભળી હશે. તો ત્યારે વિચાર આવે કે હાસ્યને એક નવી જ ઊંચાઈ બક્ષનાર ચાર્લી ચેપ્લિન એક મુઠ્ઠી ઉંચેરો માનવી ગણાય કે જે અત્યંત ગરીબીમાં જન્મવા છતાં સફળતાના ઉચ્ચ શિખરો સર કરી શક્યો અને આ સફળતા તેમના વર્તન કે વ્યવહારમાં કોઈ પ્રકારની આછકલાઈ કે અભિમાન આણ્યા વિના આજીવન ટકાવી રાખી. એવા આ 'મહાન મુફલિસ' ને સો સો સલામ.

ચાલીસથી વધુ વરસો સુધી અમેરિકામાં સતત ફિલ્મોનું નિર્માણ કરનાર જગતના એક મહાન કલાકાર ચાર્લી ચેપ્લિનનો જન્મ ૧૮૮૯માં ઈંગ્લેન્ડમાં થયેલો. તેનાં ગરીબ માતાપિતા બેઉ નાટક કંપનીમાં કામ કરતાં હતા, માતા અસ્થિર મગજના અર્ધગાંડા જેવા અને પિતા દારૂડિયા હતા. લંડનની કંગાળ શેરીઓમાં વિતાવેલા બાળપણે ચાર્લીના અંતરમાં દીનદુખિયા માટે ઊંડી સહાનુભૂતિ પ્રગટાવેલી. ૧૯૧૪માં અભિનેતા તરીકે ફિલ્મક્ષેત્રમાં પ્રવેશેલા ચાર્લી ચેપ્લિનને ૮૧ વર્ષ પછી, ૧૯૯૫માં ફિલ્મ સમીક્ષકોના એક વૈશ્વિક સર્વેક્ષણ સમસ્ત ફિલ્મ ઈતિહાસના સૌથી મહાન અભિનેતા તરીકે (મરણોત્તર) જાહેર કર્યા હતા. ફિલ્મસર્જનનાં વિવિધ પાસાંઓના નિષ્ણાત તરીકે ચાર્લી ચેપ્લિન અજોડ હતા. ફિલ્મનિર્માણ, પાત્ર નિર્ધારણ, દિગ્દર્શકન, પટકથા લેખન, સંગીત બાંધણી વગેરે ચેપ્લિન પોતે જ કરતા. અને વળી અભિનય તો ખરો જ!

પહેલી ફિલ્મમાં તો દિગ્દર્શકે આપ્યો તેવો વેશ તેણે ધારણ કરેલો, પણ બીજી જ ફિલ્મથી એક મુફલિસ તરીકેનો પોતાનો જગમશહૂર પહેરવેશ ચેપ્લિને ઉપજાવી કાઢેલો - સાવ ટૂંકા જાકીટ હેઠળ લાંબુ ને કોથળાં જેવું પાટલુન ને મોટાંમસ પગરખાં પહેરેલું, ઝીણી ઝીણી મૂછો ને હાથમાં નેતરની સોટી વાળું. ૧૯૨૦ના દાયકા સુધીમાં તો ચેપ્લિન અત્ર તત્ર સર્વત્ર છવાઈ ગયા હતા. કોસ્ટોનના સ્ટુડિયોમાં હાસ્યરસની ૩૫ ફિલ્મો ચેપ્લિને બનાવી, તે બધી મૂંગી અને ૧૦-૧૦ મિનિટ ચાલનારી હતી, પણ તે જમાનાની બીજી કોમેડીઓના કરતાં તેમાં કલા અને સંયમનું તત્ત્વ વધુ ને વધુ પ્રમાણમાં જોવા મળતું ગયું. ૧૯૧૫માં ચેપ્લિન પ્રથમવાર ટ્રેમ્પ તરીકે 'ધ ટ્રેમ્પ' ફિલ્મમાં રજૂ થયા. બેઘર, નિ:સહાય અને તદ્દન એકલો અટૂલો ટ્રેમ્પ એટલે મુફલિસ. ઠીંગણો, અંગ મરોડતો, નાનકડી કાળી મૂછોવાળો; 'ટૂંકો સાંકડો કોટ, લઘરવઘર પાટલૂન, બબૂચક જેવો જોડા પહેરેલો અને પેંગ્વિન પક્ષી જેવી ચાલ ચાલતો ચેપ્લિનનો રમૂજી 'ટ્રેમ્પ', રખડુ મુફલિસ હવે જગતમાં અમર થઈ જવાનો હતો. તેમના 'લિટલ ટ્રેમ્પ'ની (ઝવેરચંદ મેઘાણી અને વાડીલાલ ડગલી જેને રખડુ - મુફલિસ કહેતા) અનેક પ્રકારે નકલો થવા માંડી હતી - નૃત્યોમાં, ગીતોમાં, અભિનયમાં, જાહેરખબરમાં આજે પણ કેટલાય રિયાલીટી શૉમાં આ પ્રકારની ચેપ્લિનની નકલ થાય જ છે. શરુઆત અઠવાડિયાના ૧૫૦ ડૉલરથી કરી પછીના વર્ષે સીધા ૧૨૫૦ ડૉલર અને ત્રીજા વરસે પોણા સાત લાખ ડૉલર...! આ પ્રકારે હોલીવુડમાં આવ્યા પછી ચેપ્લિનની આવક દર વરસે લગભગ દસ ગણી થતી જતી હતી. ૧૯૧૮માં ફર્સ્ટ નેશનલ નામની કંપનીએ બાર મહિને આઠ ફિલ્મ ઉતારવાનો કરાર કરીને વરસે દસ લાખ ડૉલરના પગારથી ચેપ્લિનને રોકી લીધા.



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

બાળપણમાં જોયેલી ગરીબીએ ચેપ્લિનને પોતાની આગવી અભિનયશૈલી સર્જવા માટે પ્રેરણા આપી. ચેપ્લિને આગવો કરુણરસ સર્જ્યો અને પોતાની મનોવેદનાને પ્રગટ કરવાની સાથોસાથ તેમણે આપણને સૌને હસાવ્યા. કદાચ રડાવ્યાં તો પણ હસીને! બાળપણમાં દારૂડિયો બાપ ૧૯૦૧માં નાની વયે ગુજરી ગયો. અને તેઓ પિતાના પ્રેમથી વંચિત રહ્યા. સોતેલી માતા ખૂબ ભલી અને સ્વમાની હતી. પણ ઘરની હાલત અતિ ખરાબ. કમાણી નજીવી. બે સંતાનોનું પાલન કરવું ભારે પડે. માતાનું ગળું ખરાબ થઈ જતાં કામકાજ મળ્યું નહીં. ભૂખમરાને લીધે તે માનસિક અસ્થિરતાનો ભોગ બની. અવારનવાર ધર્માદા હોસ્પિટલના ધક્કા ખાધા કરતી. એ પહેલીવાર ગાંડાની ઈસ્પિતાલમાં ગઈ તે સમયને યાદ કરતાં તે, નાનકડાં ચાર્લીને કહેતી કે, 'કયાંકથી પણ તું મારા માટે ચાનો એક પ્યાલો પણ લઈ આવી શક્યો હોત તો હું આમ ગાંડી ન થઈ જાત!' આ વાતને ચેપ્લિન જિંદગીભર ભૂલી નહોતા શક્યા. 'ધ ગોલ્ડ રશ' ફિલ્મના એક દશ્યમાં ભૂખે મરતો ચાર્લી પોતાનાં ખાસડાં બાફીને પ્રેમથી ખાય છે. બૂટની દોરી તો એમ ખાય છે કે જાણે સ્વાદિષ્ટ મીઠી સેવ ખાતો હોય! અને બૂટના તળિયામાંની ખીલીઓ ચૂંટીને એવી રીતે ચૂસે છે કે જાણે મરઘીનાં મસાલા ભરેલાં હાડકાં ચૂસતો હોય! ચાર્લીની સાથે તેનો જાડોપાડો સાથી પણ છે, પણ તેને બાફેલા ખાસડાં ગળે ઉતરે નહીં. જોનારાના જીવ અદ્ધર થઈ જાય અને સાથે હસી હસીને લોથપોથ પણ થઈ જવાય. ચેપ્લિનની બધી ફિલ્મો પૈકી 'સિટી લાઈટ્સ' તેમની ખૂબ પ્યારી ફિલ્મ રહી છે. દેશની સમૃદ્ધિના આરસપૂતળાને ખોળે એક ચીંથરેહાલ, બદસિકલ, બાઘો, બેકાર માનવી ટૂંટિયુ વાળીને ઘોરતો પડ્યો છે. ચેપ્લિનના ટ્રેમ્પની સમસ્ત કારકિર્દીમાં 'સિટી લાઈટ્સ' એક એવી ફિલ્મ છે જેમાં તે એક પ્રકારના સંતપણાને પામે છે. ૧૯૭૨માં અમેરિકાએ 'ઓસ્કર' એવોર્ડ આપવાના ભવ્ય વાર્ષિક સમારંભમાં ચેપ્લિનનું અત્યંત ભાવપૂર્વક સ્વાગત કર્યું. ૧૯૭૭માં ૮૮ વર્ષની વયે એમનું અવસાન થયું ત્યારે, સમસ્ત માનવજાતને વધુમાં વધુ હસાવનાર વ્યક્તિ તરીકે ચાર્લી ચેપ્લિનનું નામ ઈતિહાસમાં અંકિત થઈ ચૂક્યું હતું. હાસ્યરસને અને કોમેડીને એક નવા મુકામે પહોંચાડનાર આ મહાન કલાકારને શત શત નમન.

**Last Seen :**

ઊંચો કલાકાર છું જિંદગીના રંગમંચનો....
મજાલ છે દેખનારની કે દર્દ દેખી જાય...!

- nehalgadhavi101@gmail.com

# જ્ઞાતિપ્રથાનું ભૂત અનામતની આડશે ધૂણાવવાનો રાજકીય સ્વાર્થ

- ભારત સરકાર બંધારણ સુધારો કરીને સવર્ણોને ૨૫ ટકા સાથે ૭૫ ટકા અનામતના પક્ષે
- કૉંગ્રેસના કાંધિયા કે ભાજપના ઉત્પાતિયા થકી જ્ઞાતિપ્રથાને જીવતી રાખવાના પ્રયાસ
- વસ્તીગણતરીમાં જ્ઞાતિ નોંધવાનું પુન: શરૂ કરાતાં સમાજોને વિભાજિત કરાઈ રહ્યાનું લાગે છે
- બિહારચૂંટણી હાર્યા પછી હાર્યો જુગારી બમણું રમે એમ અનામતપ્રથાને કાયમી બનાવવાની કોશિશ



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

ભારતીય જ્ઞાતિપ્રથાને સમાપ્ત કરવાના આદર્શથી વિપરીત જ્ઞાતિપ્રથા દ્રઢ થતી ચાલી છે. ભારતમાંથી અંગ્રેજ શાસકોએ ઉચાળા ભર્યા અને સ્વતંત્ર ભારત સાચા અર્થમાં પ્રજાસત્તાક બન્યું, ત્યારે અપેક્ષિત એ હતું કે હિંદુ ધર્મની ઘૃણાસ્પદ કહી શકાય એવી અસ્પૃશ્યતાની પરંપરાના કલંકને ભૂંસવા માટે અમુક સીમિત સમયગાળા માટે સરકારી નોકરીઓ અને ધારાગૃહોમાં તત્કાલીન અસ્પૃશ્ય વર્ગો અને આદિવાસીઓ માટે અનામતપ્રથાનો અમલ થાય. અપેક્ષિત એ પણ હતું કે એકાદ દાયકામાં દલિતો અને આદિવાસી પ્રજાને સમાજના તથાકથિત સવર્ણ વર્ગ સમકક્ષ લાવીને સમરસ કરાશે. સ્વપ્નનું આ ભારત હજુ શક્ય બન્યું નથી. હા, અનામત પ્રથાનું સ્થાન કાયમી બન્યું છે એટલું જ નહીં, ૧૯૮૧માં જે આરએસએસની પ્રતિનિધિ સભા ઠરાવ પસાર કરીને અનામત પ્રથાની કાખઘોડીને કાયમ માટે જાળવી શકાય નહીં, એવું જાહેર કરતી હતી, એના વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીના શાસને તો આ અનામત પ્રથાને યાવત્ચંદ્રદિવાકરૌ જાહેર કરીને વૉટનું રાજકારણ ખેલવાનું કબૂલ્યું છે. અગાઉ અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે જનતા પાર્ટી સરકાર (જેમાં સંઘ-જનસંઘ-ભાજપવાળા પણ સામેલ હતા)ના વડા પ્રધાન મોરારજી દેસાઈએ પોતાના પક્ષના નેતા બી.પી. મંડળની અધ્યક્ષતામાં પંચ નિયુક્ત કર્યું હતું. એનો અહેવાલ આવ્યો ત્યાં લગી તો કેન્દ્રમાં કૉંગ્રેસનાં ઈંદિરા ગાંધીની સરકાર પાછી ફરી હતી. આ મંડળ પંચની ભલામણો સમાજને વધુ વિભાજિત કરશે, એવું યોગ્ય રીતે સમજીને આ અહેવાલને તેમણે અભેરાઈએ ચડાવ્યો હતો. એની ધૂળ ખંખેરીને એકાદ દાયકા પછી જનતા દળના વડા પ્રધાન વિશ્વનાથ પ્રતાપસિંહે ભાજપ અને દેવીલાલને રાજકીય કુસ્તીમાં પરાસ્ત કરવા માટે ઓબીસી અનામત અમલમાં આણવાનું પસંદ કર્યું હતું.

ભાજપના મિત્રો જ મંડળ પંચ અને ઓબીસી અનામતની વિરુદ્ધમાં જંગે ચડ્યા હતા, પણ આજે એના સૌથી મોટા સમર્થક છે. એટલું જ નહીં, નેવુંના દાયકામાં મંડળ કે ઓબીસી અનામત સામે આંદોલન કરનાર ભાજપવાળા ક્યારેક પોતાના મુખ્યપ્રધાનો કે નાયબ મુખ્યપ્રધાનમાં એકમાત્ર ડૉ. રમણ સિંહ સિવાયના નરેન્દ્ર મોદી, શિવરાજ સિંહ ચૌહાણ, વસુંધરા રાજે સિંધિયા (લગ્નસંબંધે ઓબીસી), કલ્યાણ સિંહ, સુશીલ મોદી સહિતના ઓબીસીના હોવાનો હરખ કરવા માંડ્યા હતા. વડા પ્રધાનપદે ઓબીસી વ્યક્તિ આવ્યા પછી રાષ્ટ્રપતિપદના ઉમેદવાર રામનાથ કોવિંદ દલિત હોવાનો હરખ પણ એમના નામની જાહેરાત કરતાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે કર્યો હતો. સામે પક્ષે કૉંગ્રેસ સહિતના વિપક્ષોએ પણ 'દલિત કી બેટી' એટલે બાબુ જગજીવનરામનાં દીકરી મીરાંકુમારને ઉમેદવાર બનાવવાનો ગર્વ લીધો. બંને ઉમેદવારોની આગવી ક્ષમતાને બદલે જ્ઞાતિ જ મહત્ત્વ ધારણ કરે છે. કમનસીબી તો જુઓ કે કોવિંદ પોતાની રીતે ધારાશાસ્ત્રી છે, રાજ્ય સભાના સભ્ય રહ્યા છે, રાજ્યપાલ તરીકે સારી કારકિર્દી ધરાવતા રહ્યા છે, પણ ઉત્તર પ્રદેશમાં એ દલિત અને ગુજરાતમાં એ ઓબીસી (કોળી) હોવાને કારણે મતનાં રાજકારણના દૂરગામી આટાપાટા સ્પષ્ટ જોવા મળે છે. છેક નહેરુ સરકારથી પ્રધાન રહેલા અને મોરારજી સરકારમાં, જૂના જનસંઘી-ભાજપીઓ સાથેની જનતા પાર્ટીની સરકાર વખતે, નાયબ વડા પ્રધાન રહેલા જગ્ગુબાબુની દીકરી તરીકે મીરાંકુમારે નામ વટાવ્યું નથી. એ વિદેશ સેવાનાં સફળ અધિકારી અને વિવિધ દેશોમાં રાજદૂત રહ્યાં છે. લોકસભાનાં અધ્યક્ષ તરીકે મિતભાષી અને હોદ્દાને શોભાવનાર રહ્યાં છે. જોકે એ ભણેલાંગણેલાં ધારાશાસ્ત્રી અને અનુભવી હોવા છતાં ભારત જેવા મહાન દેશના સર્વોચ્ચ હોદ્દા માટેનાં ઉમેદવાર તરીકે એમની ઓળખ માત્ર દલિત તરીકેની અપાય ત્યારે વ્યથિત થવાય છે.

સમાજમાં નાતજાત, ધર્મ-પંથના ભેદભાવ વિના સર્વસમાવેશક સમાજ નિર્માણ કરીને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સૌના વિકાસ માટેના જાગૃત પ્રયાસો હાથ ધરવાનો લોકશાહી અને પ્રજાસત્તાક રાષ્ટ્ર ભારતનો આદર્શ છે. આચરણ એનાથી વિપરીત થયું. ચૂંટણીના રાજકારણમાં વૉટબૅંક અંકે કરવા કૉંગ્રેસે દાયકાઓ સુધી કોમવાદી-જ્ઞાતિવાદી-ભાગલાવાદી રાજકારણ ખેલ્યું અને હવે ભાજપ થકી એ જ કોમવાદી-જ્ઞાતિવાદી-ભાગલાવાદી રાજકારણ ખેલવાનું પસંદ કરાયું છે. એના પર ગીલેટ વિકાસનાં સ્વપ્નાં દેખાડવાનો કે ગરીબી હટાવવાનો ચઢાવાય છે. હકીકતમાં પછાતોને સમાજની મુખ્યધારામાં લાવવાના આદર્શને મૂર્તિમંત કરવાને બદલે કૉંગ્રેસના કાંધિયા કે ભાજપના ઉત્પાતિયા થકી જ્ઞાતિપ્રથાને જીવતી રાખવાના સતત પ્રયાસ કરાયા છે. રાજકીય પક્ષોનાં જ્ઞાતિ સંગઠનો, લઘુમતી મોરચા કે દલિત મોરચા હજુ અકબંધ છે.

વસ્તી ગણતરીમાં પણ છેલ્લે ૧૯૩૧માં બ્રિટિશ શાસન દરમિયાન જ્ઞાતિ કે કાસ્ટનો ઉલ્લેખ કરીને વસ્તીગણતરી કરાઈ હતી. એ પછીની ૧૯૪૧ની વસ્તીગણતરીમાં જ્ઞાતિનું ખાનું કાઢી નાંખવામાં આવ્યું હતું, પણ વર્ષ ૨૦૧૧ની છેલ્લી વસ્તી ગણતરીમાં જ્ઞાતિનું ખાનું ફરી પાછું ઉમેરાયું. આમ પણ અનામત પ્રથાએ દલિતો, આદિવાસી, ઓબીસી કે

અનુસંધાન પાના નં. ૭ પર